RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 283* Date: 02 .08.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મણિપુર હિંસા પર 'સુપ્રીમ' સુનાવણી, ચંદ્રચુડે કહ્યું-સ્પષ્ટ છે કે સ્થિતિ રાજ્ય પોલીસના નિયંત્રણની બહાર

# મેથી જુલાઈ સુધી કાયદો અને વ્યવસ્થા ઠપ: સુપ્રીમ કોર્ટ



મણિપુરમાં છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી હિંસક ઘટનાઓ અંગે સુપ્રીમ કોર્ટે આજે ફરી સુનાવણી કરી હતી. અત્યાર સુધીની સુનાવણીમાં કોર્ટે સરકારને કરવામાં આવેલ કાર્યવાહી અંગે સવાલ પૂછ્યા હતા. ત્યારબાદ આજે કરવામાં આવેલ સુનાવણીમાં ઝત્નૈં હ્વરૂ ચંદ્રચુડે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે સ્થિતિ રાજ્ય પોલીસના નિયંત્રણની બહાર છે. પોલીસ પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકી નથી. મેથી જુલાઈ સુધી કાયદો અને વ્યવસ્થા સ્થગિત થયેલી છે.

ગઈકાલે કરવામાં આવેલ સુનવણીમાં કોર્ટે સરકારને પૂછ્યું કે, ૪ મેના રોજ બે મહિલાઓની નગ્ન પરેડ કરવામાં આવી તેના પર ૧૪ દિવસ પછી ૧૮ મેના રોજ એફઆઈઆર કેમ નોંધવામાં આવી ત્યાં સુધી કોઈ કાર્યવાહી પોલીસે કેમ ન કરી? કોર્ટે એવો પણ સવાલ કર્યો હતો કે, અત્યાર સુધી નોંધાયેલા ૬૦૦૦ કેસમાંથી કેટલા કેસ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સાથે જોડાયેલા છે.તુષાર મહેતાએ કહ્યું કે, આ મામલે અમને વધુ તપાસ માટે શુક્રવાર સુધીનો સમય આપવામાં આવે. અમને રાજ્યના અધિકારીઓ સાથે ચર્ચા કરવાનો પણ સમય મળ્યો નથી. આ દરમિયાન એટર્ની જનરલ વેંકટરામણીએ કહ્યું કે, આ સમયે પણ રાજ્યમાં સ્થિતિ ગંભીર છે. કોર્ટમાં સામા પક્ષે કહેલી વાતોની ત્યાં પણ અસર થશે. મહેતાએ કહ્યું કે, મહિલાઓ વિરુદ્ધના ગુનાના ૧૧ કેસ સીબીઆઈને સોંપવામાં આવે. અમે બાકીનું વર્ગીકરણ કોર્ટને ઉપલબ્ધ કરાવીશું. તેના આધારે નિર્ણય લેવો જોઈએ.સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, અમે સ્ટેટસ રિપોર્ટ તૈયાર કર્યો છે. તે હકીકતો પર આધારિત છે, ભાવનાત્મક દલીલો પર નહી. તમામ પોલીસ સ્ટેશનોને મહિલાઓ વિરૂદ્ધ ગુનાના કેસમાં તાત્કાલિક એફઆઈઆર નોંધવા અને ઝડપી પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, ૨૫૦ની ધરપકડ કરવામાં આવી છે, લગભગ ૧૨૦૦ની અટકાયત કરવામાં આવી છે. રાજ્ય પોલીસે મહિલાઓની જાતીય સતામણી સાથે સંબંધિત એક વીડિયોના સંબંધમાં એક સગીર સહિત સાત લોકોની ધરપકડ કરી છે.આ ઉપરાંત, અદાલતે તપાસની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયાધીશો અથવા વિશેષ તપાસ ટીમ (જીૈં)ની એક સમિતિની રચના કરવાનું સૂચન કર્યું હતું. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. ખંડપીઠે કહ્યું કે, કોર્ટ રાજ્ય પોલીસ આ મામલાની તપાસ કરવા માંગતી નથી કારણ કે તેણે મહિલાઓને તોફાની ટોળાને સોંપી દીધી હતી.

## કેજરીવાલનો મોટો દાવો, કહ્યું ભાજપ ૧૩ વર્ષમાં ન કરી શકી, તે અમે ૫ મહિનામાં કરી બતાવ્યું

**નવી દિલ્હી, તા.૦૧**

**દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ફરી ભાજપ પર પ્રહારો કર્યા છે... તેમણે આજે ટ્વિટ કરીને દાવો કર્યો કે, તેમનો પક્ષ સત્તામાં આવ્યો ત્યારથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. તેમને દાવો કર્યો કે, ભાજપ જે કામો વર્ષોથી ન કરી શકી, તે અમે કેટલાક મહિનાઓમાં જ કરી બતાવ્યું... કેજરીવાલની આ ટ્વિટ પર હજુ ભારતીય જનતા પાર્ટી તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ટ્વિટમાં લખ્યું કે, ભાજપ જે કામ ૧૩ વર્ષથી ન કરી શકી, તે કામ અમે માત્ર ૫ મહિનામાં કરી બતાવ્યા... ૨૦૧૦ બાદ આજે પહેલીવાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશ્નરથી લઈને પટાવાળા સુધી, સફાઈ કર્મચારીથી લઈને શિક્ષણ સુધી, માળીથી લઈને ડીબીસી કર્મચારીઓ સુધી... તમામને પહેલી તારીખે પગાર મળી રહ્યો છે અને આવું એટલે થઈ શક્યું, કારણ કે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હવે આપની ઈમાનદાર સરકાર છે.કેજરીવાલે ખુશી વ્યક્ત્ય કરતા વધુમાં જણાવ્યું કે, મારી મ્યુનિ. કોર્પોરેશનના તમામ કર્મચારીઓને એક અપીલ છે...**

## ખોડલધામના ચેરમેન નરેશ પટેલની કંપનીને ઝટકો, બે કર્મચારીઓએ ૪૦ કરોડનુ નુકસાન કરાવ્યું



રાજકોટઃ હાલમાં બિઝનેસની હરિફાઈમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતના બનાવો વધી રહ્યાં છે. રાજકોટ જિલ્લાના લોધિકા પોલીસ સ્ટેશનમાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલની કંપની દ્વારા બે કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવાઈ છે.આ ફરિયાદમાં બંને કર્મચારીઓના કારણે કંપનીને ૪૦ કરોડનું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. કંપની દ્વારા કર્મચારીઓએ ડિઝાઈનનો લોગો બદલી અન્ય કંપનીને વચ્યો હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી છે.

મેટોડા સ્થિત ત્નઁ બેરિંગ્સ કંપનીએ ફરિયાદ નોંધાવી છે કે, ચિંતન અને ભાવેશ નામના બે કર્મચારીઓએ બેરિંગ અને સ્પેરપાર્ટસની ડિઝાઈનના લોગો બદલી અન્ય કંપનીને વેચ્યા છે. કંપનીના અમેરિકા સ્થિત ગ્રાહકોને જ ડિઝાઈન વેચવામાં આવી હતી. જે સમગ્ર મામલે લોધિકા પોલીસે છેતરપિંડી અને કૉપિરાઈટ એક્ટના કાયદા હેઠળ ફરિયાદ નોંધી છે. ખોડલધામના ચેરમેન નરેશ પટેલની મેટોડા સ્થિત ત્નઁ બેરિંગ્સ કંપની આવેલી છે. જેમાં બેરિંગ અને સ્પેરપાર્ટસ બાનવામાં આવે છે. જેમાં તે કંપનીના કર્મચારીઓએ ડિઝાઈનના લોગો બદલી વેચ્યાની ફરિયાદ નોધાઈ છે. જે સમગ્ર મામલે લોધીકા પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# થાણેમાં ૧૦૦ ફૂટની ઊંચાઈએથી ગર્ડર મશીન પડ્યું:૧૭ મજૂરોનાં મોત






મહારાષ્ટ્રના થાણેમાં સમૃદ્ધિ એક્સપ્રેસ હાઈવે પર સોમવારે મોડી રાત્રે એક અકસ્માત થયો હતો. શાહપુર નજીક સરલામ્બે ખાતે હાઈવે પર પુલના નિર્માણ દરમિયાન ગર્ડર લોન્ચિંગ મશીન તૂટી પડતાં ૧૭ મજૂરનાં મોત થયાં છે. હાઈવે પર રાત્રિના સમયે બાંધકામની કામગીરી ચાલી રહી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લગભગ ૧:૩૦ વાગ્યે ગર્ડર મશીન ૧૦૦ ફૂટની ઊંચાઈથી નીચે પડી ગયું હતું. હજુ પણ કેટલાક મજૂરો એની નીચે દટાયા હોવાની આશંકા છે.સવારે ૮ વાગ્યે ક્રેન આવ્યા બાદ જ બચાવકાર્યમાં ઝડપ આવી હતી. અહેવાલો અનુસાર, શાહપુર સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૧૫ મૃતદેહ લાવવામાં આવ્યા છે.આ ઘટના અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું હતું કે મૃતકના પરિવારને ૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. આ એક કમનસીબ ઘટના છે. સ્વિસ કંપની અહીં કામ કરતી હતી. ઘટનાની તપાસ કરવા માટે સૂચના આપવામાં આવી છે.ડિસેમ્બર ૨૦૨૨માં એના ઉદઘાટનથી સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર ૮૪૬ અકસ્માત થયા છે. એમાંથી ૧૦૫ અકસ્માત જીવલેણ હતા, જેમાં ૧૦૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં. તમામ અકસ્માતોમાં ૬૬૦ લોકો ઘાયલ થયા હતા.આ અકસ્માતોમાંથી ૮૭ ગંભીર કેટેગરીના હતા, જેમાં ૨૩૨ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, ૨૧૫ નાના અકસ્માતો હતા, જેમાં ૪૨૮ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી, જ્યારે ૨૭૫ એવા હતા, જેમાં કોઈને ઈજા થઈ ન હતી.

## અનેક દેશ દ્વારા લગેજ ઘટાડવાને પ્રોત્સાહન:પ્રદૂષણને ઘટાડવા માટે સામાન વિના યાત્રા સામાન્ય બની શકે



દર વર્ષે કરોડો લોકો નવી નવી જગ્યાએ ફરવા જાય છે. એમ તો યાત્રા પર જતી વેળા જરૂરના સામાન અથવા તો લગેજ માટે એક મધ્યમ બેગ ખૂબ છે, પરંતુ ખૂબ ઓછા લોકો સાથે લઇ જવામાં આવતા લગેજને લઇને યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે. મોટા ભાગના લોકો જરૂર કરતાં વધારે લગેજ પેક કરે છે. કેટલાક લોકો તો વધારે સામાન એટલા માટે પણ લઇ જાય છે કે ટિકિટમાં તેની ચુકવણી કરેલી હોય છે. વધારે લગેજ એટલે વધુ પ્રદૂષણ. આને ઘટાડવા માટે કેટલાક દેશોમાં નવી નીતિઓ તૈયાર કરવામાં આવી રહી છે.જાપાનમાં એરલાઇન્સે લગેજને ઘટાડવા માટે યાત્રીઓને વસ્ત્રો ભાડે આપવા માટેની સુવિધા શરૂ કરી છે. ફ્રાન્સ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રિયામાં પણ રિસોર્ટમાં પ્રવાસીઓને બરફનાં કપડાં, અને સ્કીઇંગ ગિયર ભાડા પર આપવાની શરૂઆત કરવામાં આવી છે. ક્રોએશિયાના શહેર ડુબ્રોનિકે તો ટ્રોલી બેગ લાવવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. જોકે આના કારણે પ્રવાસીઓ ઓછા સામાન લાવવા માટે પ્રેરિત થયા છે કે કેમ તે બાબત પર વાત કરવી મુશ્કેલ છે. કેન્યા, ટાન્ઝાનિયા અને યુગાન્ડામાં કોઇ પણ બેગ પર પ્રતિબંધ નથી પરંતુ વધારે સામાન લાવવાને લઇને કેટલાક નિયમો ચોક્કસ છે.

## સંસદ સત્રની શરૂઆત પહેલા વિપક્ષની બેઠક:કોંગ્રેસે કહ્યું- વડાપ્રધાન મોદી ગૃહમાં ચર્ચાથી ભાગી રહ્યા છે, મણિપુર મામલે ચર્ચા કરો



(૧ ઓગસ્ટ) સંસદના ચોમાસુ સત્રનો ૯મો દિવસ છે. મણિપુર મુદ્દે મડાગાંઠ ચાલુ છે. સરકાર અને વિપક્ષ બંને તરફથી નિવેદનોનો દોર પણ ચાલી રહ્યો છે. મણિપુર મુદ્દે વિપક્ષના હોબાળાને કારણે કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.વિરોધ પક્ષોનું ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ અલાયંસ (ૈંદ્ગૈંછ), નિયમ ૨૬૭ હેઠળ રાજ્યસભામાં મણિપુર મુદ્દા પર ચર્ચા કરવા માંગે છે.મતલબ કે જ્યાં સુધી ચર્ચા નહીં થાય ત્યાં સુધી ગૃહમાં કોઈ કામકાજ નહી થાય. કોંગ્રેસનો આરોપ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાં ચર્ચાથી ભાગી રહ્યા છે.મણિપુર પ્રવાસથી પરત ફરેલા વિપક્ષના સાંસદોએ સોમવારે સંસદમાં ભારતના નેતાઓને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.મણિપુર પ્રવાસથી પરત ફરેલા વિપક્ષના સાંસદોએ સોમવારે સંસદમાં ભારતના નેતાઓને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કર્યું - વડાપ્રધાને મણિપુરમાં છેલ્લા ૯૦ દિવસમાં શું થયું તેના પર ગૃહમાં નિવેદન આપવું જોઈએ, પરંતુ તેઓ મૌન સેવી રહ્યા છે. ".દ્ગ.ડ્ઢ".છ ની પાર્ટીઓ ચર્ચાથી ભાગી રહી નથી, હકીકતમાં મોદી રાજ્યસભામાં નિવેદન આપવાથી ભાગી રહ્યા છે. જયરામ રમેશે એમ પણ કહ્યું હતું કે જ્યારે ભાજપ વિપક્ષમાં હતો, ત્યારે તેણે ઘણી વખત ગૃહમાં તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહે નિવેદન ન આપ્યું ત્યાં સુધી ગૃહને ચાલવા દીધું ન હતું.નાણામંત્રી નિર્મલા સીતારમણે ગૃહની બહાર કહ્યું- વિપક્ષ તેના લક્ષ્યથી ભટકી ગયો છે. જ્યારે પીએમ મોદી ગૃહમાં બોલવા ઉભા થાય છે ત્યારે વિપક્ષે હંગામો મચાવ્યો હતો. વિપક્ષી સાંસદ પીએમની વાત પણ સાંભળતા નથી.

## તંત્રી લેખ......

# રશિયાના રાષ્ટ્રપતિને ભારતથી કોઈ ખતરો નથી, પરંતુ આ દેશોની મુલાકાત પર છે વાંધો

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ધાકમાં છે. તે યુક્રેનમાં યુદ્ધ અપરાધોનો 'ગુનેગાર' છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે આ વર્ષે ૧૭ માર્ચે તેને દોષિત જાહેર કર્યો હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે યુક્રેનમાંથી બાળકોનું અપહરણ કરીને રશિયા મોકલવામાં આવ્યા હતા. જો તે રશિયાની સરહદ પાર કરે છે, તો ૧૨૩ દેશોએ તેની તાત્કાલિક ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે રાષ્ટ્રપતિની ધરપકડ કેવી રીતે શક્ય છે? યુક્રેન પર હુમલા બાદ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હજુ સુધી દેશ છોડ્યો નથી. તેમણે ઘણી મહત્વની કોન્ફરન્સમાં પણ હાજરી આપી ન હતી.

આગામી મહિને ૨૨-૨૪ ઓગસ્ટ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં ㅐઁઝજી સમિટ યોજાવાની છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા તેના સભ્યો છે. પુતિને આ કોન્ફરન્સમાં જવાની ના પાડી દીધી છે. દક્ષિણ આફ્રિકૌઁઝઝ પર સહી કરનાર હોવાથી તે પુતિનની ધરપકડ કરવા માટે બંધાયેલો છે. તાજેતરમાં, રશિયા-આફ્રિકા સમિટમાં, આફ્રિકન નેતાઓએ પુતિન સામે જારી કરાયેલ ધરપકડ વોરંટને રદ કરવાની માંગ કરી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યુક્રેન પર હુમલો કર્યો હતો. રશિયન સેનાએ યુક્રેનની સરહદમાં પ્રવેશતાની સાથે જ તબાહી મચાવી દીધી હતી. પુતિને યુદ્ધની શરૂઆત ગ્રાઉન્ડ એટેકથી કરી હતી. થોડા જ સમયમાં ઘણા મોટા ભાગો કબજે કર્યા. દરમિયાન, પુતિનની સેનાએ કથિત રીતે કબજા હેઠળના પ્રદેશોમાંથી ૧૬,૦૦૦ બાળકોનું અપહરણ કર્યું હતું. તેને રશિયા દેશનિકાલ કરવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે આમાંથી ૩૦૦ બાળકો ઘરે પરત ફર્યા છે, પરંતુ બાકીના બાળકોનું શું થયું તે જાણી શકાયું નથી.

બાળકોના અપહરણનો મામલો ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટમાં પહોંચ્યો હતો. ફરિયાદી એએ ખાનેઁઝઝમાં અરજી દાખલ કરી હતી. કેસની સુનાવણી શરૂ થઈ. ૪૨ ટીમોને તપાસ માટે યુક્રેન મોકલવામાં આવી હતી.

# સ્વપ્નમાં મધમાખી કરડે કે ડંખ મારે તો તે શુકન કે અપશુકન ગણાય ??!

કવિ કલાપી સનાતન સત્યને બે પંક્તિમાં ઉજાગર કરી ગયા છે'' સૌંદર્યને પામતાં પહેલાં સુંદર બનવું પડે.''.અલબત, સૌંદર્ય કંટકાચ્છાદિત હોય છે. જેમ કે, ગુલાબ . ગુલાબ નિતાંત સુંદરતમ પુષ્પ છે. ગુલાબને ચૂંટવા માટે કાંટાની ચુભન સહન કરવી પડે છે. જો કે, ભોરિંગડી નામનો છોડ પણ કંટક ધરાવે છે. ભોરિંગડીના ફૂલો કપાસ કે ભીંડાના ફૂલ જેવા પીળા હોય છે. આરણ્યક પ્રકારનું અલ્લડ ,અબોટ, અક્ષુણ્ણ સૌંદર્ય ભાસે!!

બ્યુટી ઈઝ ફોર સિન નોટ ટુ ટચ એવું અંગ્રેજીમાં કહેવાય છે!! તેના અંતિમ ધ્રુવ તરીકે મધુ રસ પામવા માટે

મધમાખીના ડંખ સહેવા પડે તેમ કહી શકાય!! મહી પડયા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને!!અલબત, મધના નામે કાચ, કચકડા કે પ્લાસ્ટિકની બોટલમાં વેચાતી ખાંડની ચાસણી એટલે કે ડુપ્લિકેટ પેકડ હની માટે આવું ખાતરીબંધ ન કહી શકાય!! મધ સાચું છે કે ખોટું તેની એફએસએલ ચકાસણી માટે મધને કોટન કપડા પર ઢોળો અને મધ કપડાંને અટક્યાં-વગર ચોંટ્યા વગર સડસડાટ વહી જાય તો તે અસલી મધ છે એમ પ્રથમ દ્રષ્ટિએ કહી શકાય!!દારૂ માટે પહેલી ધારનો બીજી ધારનો એમ ગણતરી કરવામાં આવે છે, પરંતું, મધ માટે પહેલી કે છેલ્લી ધારનું મધ એવો ભેદભાવ કરવામાં આવે છે કેમ તે મધમાખી જાણતી હશે કે કેમ તે સવાલ છે!!

સરળ કામને આંકડે મધ છે એમ કહેવામાં આવે છે. કોઇ પણ મીઠાશ માટે મીઠું મધ જેવું છે એમ કહીએ છીએ!!રમણલાલ સોની બાળ કાવ્યમાં રીંછ વનરાજને મધપૂડાનું મધ ખાવા નોતરું આપીને સિંહની ખો ભૂલવાડી દે છે તેમ દર્શાવવામાં આવેલ હતું!!

લોકોને જાત જાતના હોબી હોય છે. અયોધ્યાના ધોબીને રામને કટુ વચન કહેવાનો હોબી હતો! કોઇ વ્યકિત નખ વધારે છે. કોઇ વાળ વધારે છે. કોઇ દાંતથી બ્રહ્માસ્ત્ર ખસેડે છે. કોઇ કલાકો સુધી સાઇકલ ચલાવે છે, કોઇ અમુક સમયમાં વધુમાં વધુ બર્ગર ખાય છે!!કોઇ શરીરમાં મહતમ પિર્યસિંગ કરાવે છે. કોઇ પુષઅપ કરે છે. દરેકને કીર્તિ કેરા કોટડા કમાવા હોય છે!! કલાકો સુધી ગિટાર વગાડવા, સઢવાળી હોડી ચલાવી મહાસાગર પાર કરવો, સિંગલ એન્જિન ધરાવતા પ્લેનમાં દુનિયાની સહેલ કરવી, એવેરેસ્ટ કરવો વગેરે એડવેન્ચર્સ કામો ગમે છે. શરીરમાં તલ મુકવા જેટલી જગ્યા ન રહે તેટલા ટેટુ છુંદાવે છે. જેને રીમુવ કરવા લાખો રૂપિયા ચૂકવે છે. હીરોઇન જેવો લૂક મેળવવા હોઠ, નાક, હડપચી, વક્ષસ્થળ, બટોકની સર્જરી કરાવે છે. એક યુવતીને કીમ કીર્દિશયનનુ ઘેલું લાગેલું. કીમ જેવા દેખાવા માટે જાતજાતની સર્જરી કરાવેલી. જેના લીધે અવસાન પામેલ!!મધમાખીનું વર્ગીકરણ ત્વક્પક્ષ શ્રેણીના એપૉઇડિયા અધિકુળ અને એપિડે કુળની એપિસ પ્રજાતિ તરીકે કરવામાં આવે છે. ભારતમાં મુખ્યત્વે ચાર પ્રકારની મધમાખીઓ જોવા મળે છે : સાતપુડિયા મધમાખી, ભૂગા મધમાખી (, ભમરિયા મધમાખી અને ડમ્મર મધમાખી જોવા મળે છે!! મધપૂડામાં ત્રણ પ્રકારની મધમાખીઓ હોય છે એકલ રાણી તેના જીવન દરમિયાન પાંચ લાખ ઈંડા મુકે છે!!જૂજ નર અન્ય મધપૂડાની રાણી સાથે સંવનન કરે છે. મતલબ કે બહારના ઓર્ડરો પર જ ધ્યાન આપે છે. કામગાર માખી ખેતીના કામમાં વપરાતા બળદ છે. જે પ્રજોત્પતિ માટે નકામા એટલે વંધ્ય છે. કામગાર ગધેડા જેટલો કામનો બોજો ઉઠાવે છે!!મધમાખી મધપૂડામાં ઠંડી અથવા ગરમી નું યોગ્ય પૂમાણ પણ જાળવી રાખે છે. ઠંડી ના દિવસોમાં એક–બીજી માખી પર ગોઠવાઈ પગ ઘસે છે. પરિણામે ગરમી ઉત્પન્ન થાય છે અને બહાર ના હવામાન કરતા લગભગ ૬.૬ સેલ્સેયિસ ડીગ્રી જેટલી વધારે ગરમી મધપુડા માં જાળવી શકે છે.

મધમાખીઓ ફૂલોનો રસ અને સત્વ ચૂસે છે. મધ તૈયાર કરવામાં માટે કેટલી માખીઓ હોવી જોઈએ તેનો ચોક્કસ આંકડો કહેવો મુશ્કેલ હોય છે. એક મધપેટીમાં હજારો લાખો મધમાખીઓ હોય છે. જે રાત દિવસ એક જ કામ કરે છે.માખીઓ અંદાજે ૨૦ લાખ ફૂલોનો રસ ચૂશે છે, મધમાખીઓ ફૂલોનો રસ ચૂસવા દરરોજ અગિયાર કિમીનો પ્રવાસ ટીએડીએ મેળવ્યા વગર પદરના ખર્ચે કરે છે!!ત્યારે માંડ ૫૦૦-૬૦૦ ગ્રામ મધ બને છે ફૂલોના રસમાથી મધ તૈયાર કરવો. એટલે મોટી સંખ્યામાં મધમાખીઓ ૭થી ૧૫ દિવસ મહેનત કરે ત્યારે ૬થી ૨૦ કિલો સુધી મધ મળી શકે છે.મધપૂડામાંથી મધ ઉપરાંત સાઇડ પ્રોડક્ટ રોયલ જેલી, પોલન બોલ, મીણના વેચાણથી ખેડૂતા મોટી આવક કરી રહ્યા છે. એક કિલો રોયલ જેલીની કિંમત ૨૨-૨૫ લાખ, એક કિલો પોલોન ગ્રેન્યુસના રૂ.૨૨ હજાર હોય છે, તેમજ મીણ ૫૦૦-૮૦૦નો રૂપિયાનો કિલો હોય છે. મધ એ પરાગરજથી સર્જાતુ લિકવિડ ગોલ્ડ છે!!

ભુનગા ઉર્ફે ડમ્ભર મધમાખી સૌથી ઓછું મધ એકત્ર કરે છે. જ્યારે ભંવર, ભૈંરેહ અને સારંગના નામથી ઓળખાથી મોટી મધમાખી મોટું મધપુડું બનાવે છે. જેના એક મધપુડામાંથી ૩૦થી ૫૦ કિલોગ્રામ સુધી મધ મળે છે. ઊંચાઈ પર મધપુડા બનાવતી પોતિંગા મધમાખી એક વારમાં ૨૫૦ ગ્રામથી ૫૦૦ ગ્રામ મધ બનાવે છે. સૌથી વધુ મધ ખૈરા ઉર્ફે બારતીય મૌન મધમાખી બનાવે છે. આ મધમાખી એક સાથે ૭ મધપુડા તૈયાર કરે છે. આ દરેક પુડામાંથી ૧૦થી ૧૫ કિલોગ્રામ મધ મળી રહે છે.બ્રિટનમાં વરસોથી મધમાખી પાલન કરે છે. પરંતુ, ચોર ડ્રોનથી મધમાખીની ચોરી કરે છે અને રાણી મધમાખીને પણ લઈ જાય છે. આ ચોરોએ ૫ વખત માત્ર રાણી મધમાખીની ચોરી કરી છે.આનાથી મધમાખી પાલન કરનારા લોકોને મોટી મુશ્કેલીઓ ઉભી થઈ છે.એક મધમાખી કરડે તો રોરવ નર્ક જેટલી પીડા, દર્દ, યંત્રણા થાય છે. મધમાખી કરડે તો નાની તો સમજ્યા પણ નાનીની નાનીની નાની યાદ આવી જાય છે. ઘરની બાલ્કની કે પેરાફિટમાં મધમાખી જુવો તો ભૂવાને માતાજી આવે અને ધુણે તેના કરતા વધુ માત્રામાં ધુણવા માંડો છો!! મધમાખીમાં ડંખાંગ આવેલું હોય છે. કામગાર માખીમાં ડંખાંગ સરળ હોવા ઉપરાંત તે આંકડી વડે જોડાયેલું હોય છે. અન્ય પ્રાણીને ડંખવું તે એક રક્ષણાત્મક વર્તન છે. મધમાખી ડંખમાં ફોર્મિક એસિડ હોય છે. મધમાખી કરડે એટલે કે ડંખ મારતાં જ શરીરમાં થોડું એસિડ પહોંચે છે.જે શરીરમાં એલર્જીક પ્રતિક્રિયાનું કારણ બને છે. ત્વચા પર સોજો આવે છે અને દુખાવો શરૂ થાય છે.મધમાખીનાં ડંખને કારણે કેટલાક લોકોને તાવ પણ આવે છે. આ પ્રક્રિયા દરમિયાન તે પણ મૃત્યુ પામે છે. છે. જોકે ડંખવાથી કામગાર મધમાખી ડંખ ગુમાવે છે અને જૂજ સમયમાં મૃત્યુ પામે છે. રાણીને પણ ડંખ હોય છે. આ ડંખ વડે રાણી બીજી રાણીને ડંખે છે, પરંતુ તે ડંખ ગુમાવતી નથી.

મધ્ય આફ્રિકાના રવાંડાનો નદિસાબા નામના આ શખ્સ પોતાને મધમાખીઓની રાજા ગણાવે છે. લાખો મધમાખીઓ પોતાના શરીર પર ઉછેર્યા છતાં આજદિન સુધી એક પણ મધમાખી તેને કરડી નથી. નદિસાબા છેલ્લા ૩૦ વર્ષથી પોતાના શરીર પર મધમાખીઓ પાલી રહ્યો છે. આ દરમ્યાન તેઓ બરાબર કપડાં પણ પહેરે છે અને મધમાખીઓનું ટોળું તેના શરીર પર કોઈ કોટની જેમ દેખાય છે. આ મધમાખીઓ દ્વારા એકઠું કરેલ મધ વેચીને ખાસ્સી એવી કમાણી પણ કરે છે. મધમાખીઓ તેને કાર્ડ નહિ તે માટે તે સમયાંતરે પોતાની ઉપર ખંડણી ચાસણીનો સ્પ્રે કરતા રહે છે. કારણ કે મધમાખીઓનું પેટ ભરાયેલું હોવાને કારણે તેમના ડંખ મારવાની શક્યતા ઘણી નહિવત હોય છે. આંખોની નીચે અને હોઠ પર તેવેસેલીન લગાડે છે જેથી મધમાખીને ત્યાં ફરતી રોકી શકાય.

તુર્કીયે વાન રાજ્યના અબ્દુલ વહાપે અનોખો કરતબ કરી દેખાડ્યો છે!! કાચાપોચા કે હાલીમવાલીની હિંમત જવાબ દઈ દે તેવું યુનિક કાર્ય કરી દેખાડ્યું છે!!તેણે ખુદના શરીર પર એક,બે,ત્રણ નંગ કે સો, બસો ત્રણસો નહીં પણ પૂરી સાંઈઠ કિલો મધમાખી શરીર પર લગાવી શરીરને ઢાંકવાનો પ્રયાસ કરેલ છે!! એક કિલોગ્રામમાં કેટલી મધમાખી આવે તે માપવા જાવ તો સો બસો માખી ડંખાલિંગન જરૂર આપે!! અબ્દુલ વહાર મધમાખી ઉછેર સાથે સંલગ્ન છે!! ટુંકમા એનો પનારો પત્ની સાથે નહીં પણ મધમાખી સાથે છે! અલબત , અબ્દુલ વહાપ ગિનેસ બુક રેકોર્ડ હોલ્ડર નથી, પણ તેની કરીબ કરીબ તો અવશ્ય છે!!ચીનનો રૂઆન લિયાંગમિંગ શરીર પર સૌથી વધુ એટલે કે ત્રેસઠ કિલો સાતસો ગ્રામ મધમાખી શરીર પર લગાવી હોવાનો વિક્રમ ધરાવે છે!! લિયાંગમિંગના શરીર પર છ લાખ સાડત્રીસ હજાર મધમાખી હતી!! કદાચ એક બે ઓછી જણાય તો તમારી બોચી, હડપચી કે વાળમાં ભરાઇ હશે!! વ્હોટ?? બોસ ડોન્ટ ટેઇક ઈઝી!! મધમાખી દેરાસરવાસી કે સ્થાનકવાસી અહિંસક જૈન નથી!! ગણગણતી મધમાખી કદી ડંખ મારતી નથી તેવું લોજિક કામ કરતું નથી!! અબ્દુલવહાપે લિયાંગમિંગનો રેકર્ડ તોડે તેવી શુંભેચ્છા!!!

સ્વપ્નશાસ્ત્ર મુજબ સપનામાં જો મધપૂડો દેખાય તો જિંદગીમાં સુખના આગમનનું સંકેત આપે છે તેમજ ધન લાભ પણ સૂચવે છે!!રાજુ રદીને સમસ્યા છે!!રાજુ રદીને સ્વપ્નમાં મધ અને મધપુડો દેખાય છે. મધપુડામાંથી જેમ બંદૂકની ગોળીની જેમ મધમાખી વછૂટે છે અને રાજુ રદીને ડંખ મારવા લાગે છે!! રાજુ રદીને હાથેપગે, મોં પર ડંખને લીધે ચહેરો સુજીને ફૂટબોલ જેવું સૂઝી જાય છે!! ચંદુ ચૌદસ કહે છે કે ઘરવાળી મધમાખી કરતા વધારે ડંખીલી હોય છે.ઘરવાળી ડંખાગ( જો મુખ નામથી ઓળખાય છે!)વડે ચોવીસ કલાક બાય ત્રણસો પાંસઠ દિવસ અવિરત અસ્ખલિત અહર્નિશ ડંખે છે. છતાં થાકતી નથી . રિયલ મધમાખી ડંખ પશ્ચાત્ મૃત્યુ પામે છે. જ્યારે ઘરવાળી ડંખ્યા પછી મૃત્યુ પામવાનું બાજુ પર રહ્યું પણ રીચાર્જ થઇ પાવરફૂલ બંને છે!!!બાય ધી વે,સ્વપ્નમાં મધમાખી કરડે કે ડંખ મારે તો તે શુકન કહેવાય કે મહાઅપશુકન કહેવાય તેની જાણકારી હોય તો કહેજો!!!!

ભરત વૈષ્ણવ

## મિત્ર

"જિંદગીની એકમાત્ર ચાસણી, એટલે મિત્રની મીઠી લાગણી".

મિત્રતા એ ચાસણી જેવી હોય છે, ગુલાબજાંબુ ચાસણીમાં પડે એટલે એ ચાસણીથી તરબતર થઈ જાય એમ મિત્રતા પણ સ્નેહની ચાસણીમાં ડૂબે એટલે મિત્રમય બની જવાય.

ક્યારેક થાય કે ઘણું બધું લખી નાખું મિત્રતા પર પણ, મિત્રતાના નામથી જ કે તેની યાદ આવે અને ચહેરાની ચમક અને સ્નેહીભીની નજરમાં તેની તસવીર ઉપસે અને સમજાય કે મિત્રતા એટલે શબ્દો ઓછા અને સમજ વધુ હોય, વિવાદ ઓછાં અને સ્નેહ વધુ હોય અને એકમેક પર વિશ્વાસ વધુ હોય, હાથ ફેલાવીએ અને હૈયું આપી દે એનું નામ મિત્ર.
મિત્ર એટલે આપણી ભીતર સતત ધબકતું હૃદય.
મિત્ર એટલે વગર કહે સતત આપણી પડખે ઉભો રહે તો હરિનો દૂત.

મિત્ર એટલે જીવન, શ્વાસ, ખુશીઓનું ઝરણું.
મિત્ર એટલે લોહીના બંધને બાંધવામાં ભૂલાઈ ગયેલ પવિત્ર બંધન.

મિત્રતા એ આપણને વારસામાં મળેલી કે કોઈ લોહીનો સંબંધ નથી. એ તો કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે, કુંડલી મેળવ્યાં વગર આજીવન કાયમી સ્થાપિત સંબંધ છે. સાચી દોસ્તી લાગણી, હૂંફ અને કાળજીથી ભરપૂર હોય છે, સ્વાર્થરહિત સંબંધ માત્ર દોસ્તીનો જ હોય છે.
દોસ્તી ની પરિભાષા કેટલી સુંદર છે કે 'હું શબ્દ ને તું અર્થ, તારાં વિના હું વ્યર્થ.' જે આપણું કામ કરે છે એ દોસ્ત નથી પણ દોસ્ત એ છે જે આપણું કામ ક્યારેય અટકવા નથી દે, કહ્યાં વિના જે આપણી વાત સમજી જાય અને આપણું કામ વગર કહ્યે પૂરું કરી દે. આપણા હાસ્ય પાછળની તકલીફને કશું કહ્યાં વગર જ સમજી જાય અને પૂછે, "આ હાસ્ય તો ખાલી તકલીફને છુપાવવા માટેનું છે બોલ શું થયું છે? ખોટું હાસ્ય બતાવી તકલીફ છુપાવાનો વ્યર્થ પ્રયત્ન ન કર, હું બેઠો છું ને!" એ મિત્રો હોય છે.

જીવનમાં એક મિત્ર તો એવો હોવો જોઈએ જેની પાસે આપણે આપણું હૃદય ખોલી શકીએ, વગર ખચકાટે કે વગર વિચાર્યે, અચકાયા વિના જેની સામે આપણે આપણું દિલ વલોવી શકીએ એ મિત્ર. જેની પાસે આપણી સમસ્યા કે પછી મિત્રો સાથે થતી મસ્તી કે આપણી દરેક વાત સાંભળવાનો જેની પાસે હંમેશા સમય હોય, એ મિત્ર.
લાગણી નામના શબ્દોમાં કંઈક તો ખાસ વાત છુપાયેલી છે બાકી, ગોવર્ધન ઉપાડનારો કોઈ દિવસ સુદામાના પગ ન ધુએ. મિત્રતા તો કૃષ્ણ સુદામા જેવી હોવી જોઈએ કે જે શાપિત ચણા ચોરી , પોતે બધાં ખાઈને જીવનભર ગરીબીનું પોટલું ખુદને માથે લઈને ફર્યા જેથી કૃષ્ણને ગરીબી ન ભોગવવી પડે. મિત્ર તો એવો ચોર હોય છે જે આંખોનાં આંસુ, ચહેરાની પરેશાની, દિલની ઉદાસી, જિંદગીનું દુઃખ અને સમય આવે તો હાથની લકીરોમાંથી મોત પણ ચોરી લે છે. ખરાબ સમયમાં ખભા ઉપર રાખવામાં આવેલ હાથ સફળતાની તાળીઓથી વધુ કિંમતી હોય છે. જેનો હાથ હથેળીમાં પડે અને નિરાશા પાગલ ની જેમ હસવા લાગે એનું નામ મિત્ર .જેની સામે આપણે આપણી જાતને ખુલ્લી કિતાબની જેમ રાખી શકીએ એ મિત્ર.

ધરતી શર્મા "ધરી"ભુજ

## ભાગ્ય

"મારું તો ભાગ્ય ફુટેલું છે".
સાસરેથી આવેલી સમતા, માને કહી રહી હતી.
'અરે બેટા, ભાગ્ય તો તારા દુશ્મનનું પણ ખરાબ ન હોય, શુભ શુભ બોલ, દીકરા.
શું કહું મમ્મી,'હું કાંઇ પણ કરું છું, યશ મળવાની વાત તો બાજુએ રહી ઉપરથી મહેણાં મળે છે. '
બેટા, એ તારા મનના ભાવ છે, તને બધું ખોટું દેખાય છે. તને સાસરીમાં છાયેલો પ્રેમ કેમ જણાતો નથી. તારી સાસુ અને જમાઈ બાબુ તારા વખાણ કરતાં થાકતા નથી.
'શું વાત કરે છે મમ્મી'?
'હા, બેટા સાચું કહું છું.'
સમતાના મુખ પર સ્મિત રેલાઈ ઉઠ્યું.
ભાગી ન જાય તે. જન્મ ધર્યો ત્યારથી સાથ નિભાવે. અંત ઘડીએ જેનાથી છૂટકારો થાય. એવું 'ભાગ્ય' આપણે સદા સજાગ રહી તેને જાળવવું. ભાગ્ય કવું હોય ? જેવું મે ઈચ્છો તેવું.
આપણામાંછટકબારી શોધવામાં માલ નથી.

ગરીબાળકો જિંદગીમાં આસમાનને અડવાની ક્ષમતા ધરાવે છે.
જ્યારે ત સંપતિ વિદાય થતા નજર સમક્ષ જોયાના દાખલા છે.

"ભાગ્ય'ના નામે ચરી ખાવાની આદત બૂરી છે. તમે પ્રયત્ન કરો, જેમાં સત્યનો પાયો હોય,જ્ઞાનનું ખાતર હોય અને મહેનતના પાણીથી સિંચ્યું હોય તો કોની તાકાત છે, તમારા ભાગ્યમાંથી છીનવી શકે.

યાદ રહે, હાથમા હશે તો ચોરી યા છિનવાઈ જવાનો ભય ! બાકી તમારી આવડત અને જ્ઞાન કેમે કરી કોઈ લુંટી શકવાનું નથી.

પોતાનું ભાગ્ય જાતે કંડારવાનું હોય છે. પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે. જેના પર પોતાનો અધિકાર છે. કોનામાં તાકાત છે તમને ઊની આંચ પણ ન આવે.

જો ભારતનું ભાગ્ય સુવર્ણ અક્ષરે લખાવાનું હોય તો રાજકારણિયો સેવા વૃત્તિથી કામ કરે તો થાય. જીવનમાં કશું બનવું હોય, કશું પ્રાપ્ત કરવું હોય તો ધગશ ,પ્રયત્ન અને સાતત્ય આવશ્યક છે.
ભાગ્યના વિધાતા આપણે જ છીએ. કોઈના માથે દોષ ઢોળવો એ છટકબારી છે. ભાગ્યને દોષ દેવો વ્યાજબી નથી.
સમતા વિચારી રહી. માના હાથની સરસ મજાની ચા પીને સાસરે જવા રવાના થઈ. મમ્મીએ તેના મનનો વહેમ કુશળતાથી દૂર કર્યો. તમે નહી માનો હવે સમતા વધારે પ્રેમથી ઘરનું કામ કરી રહી છે. તેની દૃષ્ટીમાં ફરક પડી ગયો.
ભાગ્યને દોષ દેતા પહેલાં અંતર ખોજ જરૂરી છે. જો કમળો હશે તો પીળું દેખાશે. પેલા સર્જનહારને તમને ત્રાસ આપવામાં શું આનંદ પ્રાપ્ત થાય છે ? 'ના'.
તમે જ વિચારોની દુનિયામાં તરવાને બદલે ઊંડા ગરકી તેમાંથી મોતીને બદલે ગંદકી સમેટો છો.
ક્યારેય ભાગ્યને દોષ ન દેવો. આપણે કસર રાખીએ છીએ. મન મૂકીને કામ કરો. પરિણામ હાજર છે !

**પ્રવિણા,કડકીયા ,અમેરીકા**

# એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૩૧૨ અને ચાંદીનો વાયદો રૂ.૭૮૮ નરમઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં મામૂલી સુધારો

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૭,૦૮૪ સોદાઓમાં કુલ રૂ.૨૦,૪૦૪.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૮૮૩.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૫૦૧.૦૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૬,૧૨૦ સોદાઓમાં રૂ.૪,૬૬૨.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૪૨૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૨૪ અને નીચામાં રૂ.૫૯,૨૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧૨ ઘટી રૂ.૫૯,૨૫૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫૦ ઘટી રૂ.૪૮,૧૩૯ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૫,૯૨૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૪ ઘટી રૂ.૫૯,૨૨૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૫,૩૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૫,૩૩૦ અને નીચામાં રૂ.૭૪,૫૮૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૮૮ ઘટી રૂ.૭૪,૬૩૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૦૬ ઘટી રૂ.૭૪,૫૫૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૧૮ ઘટી રૂ.૭૪,૫૪૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૪૯૧ સોદાઓમાં રૂ.૧,૦૫૫.૬૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૫૩.૫૫ના ભાવે ખૂલી, રૂ.૨.૭૦ ઘટી રૂ.૭૫૩.૨૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૦૩.૪૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૨૨૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૦૩.૬૦ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૪.૦૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૦.૨૫ વધી રૂ.૨૨૭.૪૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૭૪૫ સોદાઓમાં રૂ.૧,૧૫૬.૮૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૨૨ અને નીચામાં રૂ.૬,૬૭૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫ વધી રૂ.૬,૭૦૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭ વધી રૂ.૬,૬૯૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૧.૧૦ વધી રૂ.૨૧૭.૮૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૦.૮ વધી ૨૧૮ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૮.૬૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૯૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૬૦ અને નીચામાં રૂ.૫૮,૬૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૦ વધી રૂ.૫૮,૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૨૦ ઘટી રૂ.૮૭૩.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૬૭.૦૪ કરોડનાં ૩,૬૨૮.૪૨૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૯૫.૧૦ કરોડનાં ૩૩૨.૯૨૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૨૮.૪૩ કરોડનાં ૬૩૯,૫૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૨૮.૪૨ કરોડનાં ૩૩,૧૨૫,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૧૬.૨૪ કરોડનાં ૫,૭૦૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૭.૩૬ કરોડનાં ૨,૦૩૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૬૮.૭૦ કરોડનાં ૭,૫૪૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૩૩.૩૨ કરોડનાં ૧૪,૬૭૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૫૪ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૧૦ કરોડનાં ૬૯.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૪૩૦.૬૮૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૪૦.૭૫૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૨૯૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૪૧૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૮૪૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૫૧૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૩૩૨,૩૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫૦,૬૦૪,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૨૯૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૦૧.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં ૨૪૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૦૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૬,૧૫૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૬૯ અને નીચામાં ૧૬,૦૯૦ બોલાઈ, ૭૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૮ પોઈન્ટ ઘટી ૧૬,૦૯૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

# સુરતને સાયબર સેફ બનાવવા માટે સુરત પોલીસના સાયબર સંજીવની ૨.૦ અભિયાનનો ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ



**સાયબર અવરનેસ માટે બે સાયબર સંજીવની મોબાઈલ વાન તથા www.cybersnjivani.org વેબ પોર્ટલનો ગૃહરાજ્યમંત્રીના હસ્તે શુભારંભ**

**વર્ષ ૨૦૨૧ થી જૂન-૨૦૨૩ સુધી સાયબર ક્રાઈમનો ભોગ બનનાર ૧૨૪ વ્યક્તિઓને રૂ.૧.૦૨ કરોડની રકમ પરત આપવામાં સુરત પોલીસને સફળતા મળી,**

**આપણી ગુપ્ત માહિતી, બેંક ખાતાની વિગતો કોઈ સાથે ક્યારેય શેર કરવી ન જોઈએ, ટેક્લોનોજીના ઉપયોગ સાથે તેનાથી થતા ગેરલાભની પણ સંપૂર્ણ જાણકારી રાખવી હિતાવહ : ગૃહરાજ્ય મંત્રી**

**સુરત પોલીસના પ્રયાસોથી સુરતને સાયબર સેફ શહેરની નવી નેમ ટેગ મળી: કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ**

**સાયબર ક્રાઈમના ગુનાઓનું સૌથી વધુ ડિટેક્શન સુરત સાયબર ક્રાઈમ કરી રહી છે: પોલીસ કમિશનર અજયકુમાર તોમર**

સુરત,

સુરતને સાયબર સેફ બનાવવા અને સુરતીઓને ઓનલાઈન છેતરપીંડીથી બચાવવા માટે સુરત પોલીસના સાયબર સંજીવની ૨.૦ અભિયાનનો ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાયબર અવરનેસ માટે બે સાયબર સંજીવની મોબાઈલ વાન તથા www.cybersnjivani.org વેબ પોર્ટલનો ગૃહરાજયમંત્રીશ્રીના હસ્તે શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રિય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજયમંત્રી દર્શનાબહેન જરદોશ, વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ, શિક્ષણરાજય મંત્રી પ્રફુલ પાનશેરિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત શહેર પોલીસ દ્વારા અડાજણ-પાલના સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે આયોજિત સમારોહમાં કેન્દ્રિય મંત્રી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, સાયબર ઈન્ટેલિજન્સમાં ટેક્નોલોજીનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગની સાથે તેનો દૂરૂપયોગ પણ થઈ રહ્યો છે. સુરતમાંથી દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. કોઈ પણ શહેર જ્યારે પ્રગતિના પંથે જઈ રહ્યું હોય ત્યારે તેની સુરક્ષા અને સલામતી ખૂબ જ જરૂરી હોય છે, ત્યારે સુરત પોલીસના પ્રયાસોથી સુરતને સાયબર સેફ શહેરની નવી નેમ ટેગ મળી છે.

સુરત શહેર પોલીસ ક્રાઈમ ડિટેકશન અને પ્રો-એક્ટિવ પોલીસનું સૌથી મોટુ ઉદાહરણ બની છે એમ જણાવી ગૃહરાજયમંત્રીએ ઉમેર્યું કે, ટેક્લોનોજીને સમજીને તેનો સાચો ઉપયોગ કરવો એને જ ફોરવર્ડ વિચાર ધારા કહી શકાય. અસામાજિક તત્વો સામાજિક દૂષણ ફેલાવવા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને લક્ષ્ય બનાવે છે. સાયબર ક્રાઈમને નાથવા માટેની આ લડાઈ માત્ર પોલીસની નથી, પણ આપણા સૌની સહિયારી જવાબદારી છે.

સુરત પોલીસ દ્વારા વર્ષ-૨૦૨૧માં સાયબર ક્રાઈમના ૨૭૨ ગુના દાખલ કરવામાં આવ્યા, જે પૈકી ૧૨૬ ગુના ડિટેક્ટ થયા છે. વર્ષ-૨૦૨૨માં ૩૭૬ ગુના પૈકી ૨૧૮ ગુના ડિટેક્ટ થયા છે. જ્યારે વર્ષ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩માં (જુન મહિના સુધી) સાયબર ક્રાઈમનો ભોગ બનનાર ૧૨૪ વ્યક્તિઓને કુલ રૂ.૧.૦૨ કરોડની રકમ પરત આપવામાં સુરત પોલીસને સફળતા મળી હોવાનું ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું.

સાયબર સંજીવની ૨.૦ અભિયાન દ્વારા સાયબર જાગૃતિ લાવી ઓનલાઈન છેતરપીંડી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવીને સુરતના નાગરિકોને સુરક્ષા-સલામતી આપવા માટે ગુજરાત પોલીસ અને રાજય સરકાર કટિબદ્ધ છે એમ મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

વડીલો, દાદા-દાદી કે માતા-પિતાની ઉંમરના વ્યક્તિઓ આસાનીથી સાયબર ક્રાઈમનો ભોગ બની જતા હોય છે. તમારા સાચા મિત્ર બનીને વિદ્યાર્થીઓ, કિશોરો અને યુવાનો આગળ આવે એમ તેમણે જણાવ્યું હતું. આપણે સૌએ ઘરની તિજોરીની જેમ આપણા સોશિયલ મીડિયા અકાઉન્ટસમાં તમામ પ્રકારની માહિતી લોક રાખવા તેમજ અજાણ્યા વ્યક્તિની સોશિયલ મીડિયા પર આવતી રિક્વેસ્ટ ક્યારે એક્સસેપ્ટ ન કરીને આ અંગે અન્યને જાગૃત્ત કરવા કહ્યું હતું. સૌ સુરતીઓ સુરત પોલીસના બ્રાન્ડ એમ્બેસેડર બનવા અને ગુજરાત પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમની જાગૃતિ દર્શાવતી ક્લિપ્સને સમંયાતરે આપણા સોશિયલ મીડિયા પર અપલોડ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

એક જ કોલ પર ફરિયાદ દાખલ થાય એવી વ્યવસ્થા ઉભી કરવા માટે સુરત પોલીસને ગૃહરાજયમંત્રીએ રચનાત્મક સૂચન કર્યું હતું. સુરત શહેરના ખૂણે ખૂણે સાયબર સંજીવની વેન ફરીને સાયબર ક્રાઈમથી બચાવવા મદદરૂપ બનશે એમ પણ તેમણે કહ્યું હતું.

સાયબર સેફ શહેરના નેમ ટેગની માહિતી આપતા સુરત પોલીસ કમિશનર અજયકુમાર તોમરે જણાવ્યું હતું કે, સાયબર સંજીવની અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સાયબર ક્રાઈમ બાબતે જાગૃતતા લાવી શહેરને સાયબર સેફ સુરત બનાવવાનો છે. કોઈ પણ શહેરને સલામત અને સુરક્ષિત રાખવા પોલીસની મહત્વની ભૂમિકા હોય છે. સમગ્ર વિશ્વમાં ઝડપભેર સાયબર ક્રાઈમ વધી રહ્યા છે, ત્યારે સાયબર ક્રાઈમના ગુનાઓનું સૌથી વધુ ડિટેક્શન સુરત સાયબર ક્રાઈમ કરી રહી હોવાની વિગતો તેમણે આપી હતી.

તેમણે નાગરિકો સાયબર ફ્રોડના કિસ્સાઓમાં સાયબર હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર કોલ કરીને સહાયતા મેળવવા સાથે ફરિયાદ કરી શકે છે તેવું કમિશનર અજયકુમાર તોમરે કહ્યું હતું.

આ વેળાએ સાયબર ફ્રોડની જાગૃતિ દર્શાવતી ફિલ્મે હાજર સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સાથે સાથે સાયબર ફ્રોડથી બચવા માટે ભજવાયેલી નાટિકા સૌએ નિહાળી હતી.

આ પ્રસંગે ધારાસભ્યો સંદીપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, અધિક પોલીસ કમિશનર શરદ સિંઘલ, અધિક પોલીસ કમિશનર (સેક્ટર-૧) પી.એમ.મલ, એડિશનલ પોલીસ કમિશનર કે.એન.ડામોર, ઝોન-૪ના ડીસીપી સાગર બાગમાર, ડીસીપી ભગીરથ ગઢવી, સ્થાયી સમિતિ અધ્યક્ષ પરેશભાઈ પટેલ સહિત શહેરીજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરત પોલીસની બે સાયબર સંજીવની મોબાઈલ વાન પોલીસ સ્ટેશન દીઠ એક અઠવાડિયા માટે ભ્રમણ કરશે

સાયબર અવેરનેસ માટે સુરત પોલીસની બે સાયબર સંજીવની મોબાઈલ વાન શહેરના દરેક પોલીસ સ્ટેશન વિસ્તારની શાળા-કોલેજો, ઔદ્યોગિક એકમો, જાહેર સ્થળો, સોસાયટીઓમાં પોલીસ સ્ટેશન દીઠ એક અઠવાડિયા માટે ફરશે, અને ઓડિયો, વિડીયો અને ક્વિઝના માધ્યમથી નાગરિકોને સાયબર ક્રાઈમથી જાગૃત કરશે. આ વાનમાં સાયબરના જાણકાર પોલીસકર્મીઓ દ્વારા લોકોને પ્રત્યક્ષ રીતે માહિતી પહોંચાડી પેમ્ફલેટ વિતરણ કરી જાગૃત કરવામાં આવશે. આ સાથે સ્કુલો, કોલેજોનો સહકાર મેળવી માસ્ક અને શિલ્ડ સાથે વિદ્યાર્થીઓની સાયબર માર્ચ કરવામાં આવશે. ઉપરાંત સુરત શહેર પોલીસ દ્વારા તૈયાર કરાયેલું શેરી નાટક શેરીએ શેરીએ ભજવીને નાગરિકોને સાયબર ક્રાઈમથી જાગૃત કરાશે.

## સામાન્ય બાબતે માથાકૂટ:મહેસાણામાં સમાજની ચૂંટણી જોવા ગયેલા શખ્સ પર હુમલો, પાલિકાના પૂર્વ કોંગી પ્રમુખ સહિત ૯ સામે ફરિયાદ




મહેસાણામાં ગઈકાલે નગરપાલિકાના કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ઘનશ્યામ સોલંકીની પુત્રી સાથે ભાનુભાઈ રાઠોડ નામના શખ્સે ઝપાઝપી કર્યાની ફરિયાદ નોંધાવ્યા બાદ હવે ભાનુભાઈ રાઠોડે પાલિકાના પૂર્વ કોંગી પ્રમુખ ઘનશ્યામ સોલકી સહિત કુલ નવ લોકો વિરુદ્ધ મારામારી કરવા અંગેની ફરિયાદ મહેસાણા એ ડિવિઝનમાં નોંધાવી છે.મહેસાણામાં સોમનાથ રોડ પર આવેલ સિદ્ધાર્થ સ્કૂલમાં ૧૩૫ પાટણ વાળા વણકર સમાજની ચૂંટણી દરમિયાન નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામ સોલંકીની પુત્રી અને ભાનુભાઈ રાઠોડ નામના શખ્સ વચ્ચે ઝપાઝપી થઈ હતી. જેમાં ભાનુભાઈ રાઠોડ વિરુદ્ધ ઘનશ્યામ સોલંકીની પુત્રીએ મહેસાણા એ ડિવિઝનમા ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ભાનુભાઈ રાઠોડે પણ ઘનશ્યામ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં ભાનુભાઈ રાઠોડ સમાજની ચૂંટણી જોવા માટે સિદ્ધાર્થ સ્કૂલમાં જતા હતા. એ દરમિયાન સચિન વસંતલાલ નામનો યુવક લોકોની ગાડીઓ અને લોકોને અંદર જવા રોકી રહ્યો હતો. આ દરમિયાન ઘનશ્યામ સોલંકીની પુત્રી ગાડી લઇ આવતા ગેટ પાસે ઉભેલા જીગર નામના યુવકે સચિનને ગાડી સ્કૂલમાં જવા દેવા કહેતા પ્રથમ અને જીગર સચિન સાથે માથાકૂટ કરી રહ્યા હતા અને એ ત્રણ વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતોઆ દરમિયાન પ્રથમ સચિન અને જીગર વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં જીગરે ભાનુભાઈ સામે આંગળી ચીંધી ×તને પણ માર મારવાનો છે× એમ કહેતા ભાનુ ભાઈ જીગર પાસે જઈને કહ્યું કે ઝઘડો તારે અને સચિન વચ્ચે છે એમાં મારે શું આમ કહેતા જ જીગર ભાનુભાઈ ને મારવા લાગ્યો હતો. જ્યાં ઘનશ્યામ સોલંકી આવી જતા તેઓએ ભાનુભાઈને ગરદાપાટુનો માર માર્યો હતો. બાદમાં સ્કૂલમાંથી ઘનશ્યામ સોલંકીની પુત્રી કિનલ તથા જાગૃતિ ઘનશ્યામ તથા ગિરીશ ભાઈ,ઘનશ્યામભાઈ ની બે બહેનો, બનેવી દિનેશ ભેગા મળી ફરિયાદીને માર માર્યો હતો.સમગ્ર મામલે મારમારી દરમિયાન હુમલો કરનાર ઘનશ્યામ સોલંકી સહિતના લોકોએ કહ્યું કે, તું અમને હેરાન પરેશાન કરતો હતો. આજે છોડવો નથી અને તને તો ઘર છોડવાનું છે એમ કહી ઘનશ્યામ સોલંકીએ ધમકી આપી હતી. આ ઉપરાંત ફરિયાદીના ખિસ્સામાં રહેલા ૬૫૦ રૂપિયા ક્યાંક પડી ગયા હતાં. બાદમાં સારવાર માટે મહેસાણા સિવિલ ખસેડવામાં આવ્યાં હતા. સમગ્ર મામલે મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકમાં ઘનશ્યામ સોલકી, જીગર, કિનલ, જાગૃતિ ઘનશ્યામ સોલંકી, ગિરીશભાઈ, ઘનશ્યામ સોલંકીની બે બહેનો, દિનેશ ભાઈ, ઘનશ્યામભાઈ કાંતિલાલ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## થરાથી હારીજ જવા માટે ખારીયા પાસે બનાસ નદી ઉપરનો કોઝવે તૂટ્યો વાહન વ્યવહારને થઈ અસર



માઉન્ટ આબુમાં ભારે વરસાદ થવાના કારણે બનાસ નદી ઉપર બંધાયેલા દાંતીવાડા ડેમના પાણીની ક્ષમતાનું લેવલ ૬૦૦૪ ફૂટ છે ત્યારે અત્યારે લગભગ ૫૯૯.૫ ફૂટનું લેવલ થતા ડેમનો પાણીની સંગ્રહ શક્તિ નું લેવલ જાળવવા માટે છેલ્લા પાંચેક દિવસથી દાંતીવાડા ડેમના દરવાજા ખોલી તબક્કાવાર બનાસ નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે ત્યારે આજરોજ કાંકરેજના ખારીયા પાસે થરા હારીજ વચ્ચે બંધાયેલા કોઝવે માં મુકાયેલા ગરનાળામાંથી બનાસ નદીમાં આવેલું પાણી પુર ઝડપે પસાર થઈ રહ્યું છે ત્યારે આજે વાહન વ્યવહાર માટે બનેલો રોડ બેસી જઈ મોટી તીરાડો પડતાં થરા રોડા પાટણ તેમજ હારીજ બાજુ જતા વાહન વ્યવહારને અસર થવા પામી છે ત્યારે ૨૦૧૭માં બનાસ નદીમાં આવેલા વિનાશક પુરમાં પાણીમાં ડૂબી જવાથી ખારીયા ગામના એક જ કુટુંબના ૧૭ માણસોના થયેલા ગોઝારા મોત ની ઘટના માનસપટલમાં દ્રષ્ટિગોચર થાય છે ત્યારે કાંકરેજ વિસ્તારની ભયાનક પરિસ્થિતિ જોતા મુલાકાતે ભારત દેશના વડાપ્રધાને હવાઈ યાત્રા દ્વારા ગોઝારી ઘટના નિહાળી હતી અને ગુજરાત સરકારના મુખ્યમંત્રી પણ ખારિયા મુકામે રાહત કેમ્પમાં આવી અસરગ્રસ્તોની મુલાકાત લઇ રાહત શીબીરો ની કામગીરી નિહાળી હતી અને બનાસ નદીમાં પાણી ઓસરતા થરા હારીજ વચ્ચે અવર જવર માટેનો ખારીયા નજીક નો રોડ ધોવાઈ જતા તાત્કાલિક ધોરણે થરા હારીજ વચ્ચેનો ખારીયા નજીકના કોઝવેનું રીપેરીગ કામ કરીને વાન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો હતો ત્યારે જો વધુમાં વાત કરવામાં આવે તો થોડાકજ સમય પહેલા લાખોના ખર્ચે તૈયાર થયેલો કૉઝવે પરનો રોડ બનાસ નદીમાં આવેલા પુરને લીધે તિરાડો પડીને બેસી ગયેલો જોવા મળે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શિહોરી પાટણને જોડતો કંબોઈ નજીકનો પુલ બની રહ્યો છે ત્યારે ત્યાં બનાસ નદીમાં ડાયવર્ઝન માટે બનાવેલો રોડ પણ બનાસ નદીમાં આવેલા પૂરના લીધે તૂટી જઈ બ્લોક થઈ જવાથી જવાથી થરા પાટણનો અવરજવરનો રસ્તો ડાયવર્ટ કરીને થરા રોડા દુનાવાડા પાટણ તેમજ થરા ખારીયા રોડા હારીજ તરફ વાહન વ્યવહાર માટે ચાલુ કરવામાં આવ્યો હતો ત્યારે હવે થરા હારીજ નો એકમાત્ર ચાલુ રોડ તિરાડ પડીને બેસી જવાથી તેમજ બનાસ નદી માં વધારે પાણી આવવાથી વાહન વ્યવહાર માટે બંધ થઈ જશે તો બનાસકાંઠા વાસીઓને હારીજ પાટણ જવા માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે હવે આ થરા હારીજ તેમજ પાટણ તરફ જવાનો રોડ રીપેર થઈ અને વાહન વ્યવહાર માટે ચાલુ રહે છે કે નહીં તે તો આવનાર સમયજ બતાવશે..

**આગામી શ્રાવણ માસ નિમિતે**

## કતલખાના બંધ રખાવવા તેમજ નોનવેજનાં વેચાણ બંધ રખાવવા ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને મિતલ ખેતાણીની રજૂઆત



ભારત સરકારનાં પશુ પાલન અને ડેરી મંત્રાલયની નેશનલ એડવાઝરી કમિટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટી, ગુજરાત સરકારની સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં સદસ્ય મિતલ ખેતાણી દ્વારા આગામી તા. ૧૭/૦૮/૨૦૨૩ ગુરુવારથી તા. ૧૫/૦૯/૨૦૨૩ શુક્રવાર, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન આવતા દરેક સોમવાર તથા જન્માષ્ટમી નિમિતે રાજ્યનાં કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરવામાં આવી છે. હિન્દુ ધર્મોમાં શ્રાવણ માસમાં શિવ મહિમા સમગ્ર ભારતમાં બિરાજતા ભગવાન શંકર બાર જ્યોર્તિલિંગની વિશેષ પૂજા અર્ચના ભક્તો દ્વારા કરવામાં આવે છે, ભક્તો ઉપવાસ એકટાણા કરે છે તથા જન્માષ્ટમી એટલે કે પૂર્ણપુરષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણનું જન્મોત્સવનું પર્વ ભારતમાં જ નહી સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં ભારતીય સંસ્કૃતિનાં લોકો વસે છે ત્યાં ત્યાં મનાવવામાં આવે છે. સમસ્ત ભારત દેશનાં જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને હિન્દુ સમાજની લાગણી ના દુભાય તે માટે રાજ્યનાં કતલખાના તેમજ લારી તેમજ દુકાનો ઈત્યાદિમાં વેંચાતા માંસ, ઈંડા અને મચ્છીનાં વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત હિન્દુ ધર્મપ્રેમી જનતા વતી મિતલ ખેતાણી દ્વારા વિનંતી કરાઈ છે.

## તત્વ ઈજનેરી કોલેજ, મોડાસા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો




અરવલ્લી જિલ્લાની જાણીતી એકમાત્ર તત્વ ઈજનેરી ડિપ્લોમા કોલેજ ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈજનેરી તથા સી ટુ ડી ઈજનેરી અભ્યાસક્રમ ની શરૂઆત કરી હતી?.જેમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓનું તથા તેમની સાથે ઉપસ્થિત વાલીગણનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. જે. આર. પુવાર સાહેબ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રેરણા દાયક પ્રવચન આપી તેમની કારકિર્દીમાં મદદરૂપ થવા વચન અને આશીર્વાદ આપ્યા હતા. તદ્દુપરાંત સંસ્થાના અલગ અલગ વિદ્યા શાખા ના હેડ ઉપસ્થિત રહી તેમની શાખાની માહિતી આપી હતી તથા સંસ્થા ખાતે કાર્યરત એસ. એસ. આઈ. પી. (સ્ટાર્ટઅપ સેન્ટર) સેન્ટર વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને તથા વાલીમિત્રોને સંસ્થાની મુલાકાત કરાવવામાં આવી હતી અને સાથે હળવા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રથમ વર્ષ કોઓર્ડીનેટર પ્રો. જીમિત શાહ તથા એન એસ એસ કોર્ડીનેટર પ્રો. પ્રતિક ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ : ઓખા-બેટ દ્વારકા 'સિગ્નેચર બ્રીજ'ની ૯૨ ટકા કામગીરી પૂર્ણ



**૯૭૮ કરોડનો ખર્ચ, ૨૩૨૦ મીટર લંબાઈ, દર્શનાર્થીઓ માટે વિશેષ સુવિધાઓથી સજ્જ**

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના પ્રવાસન ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ**

રાજ્યના ઐતિહાસિક અને પ્રવાસનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. તેમાંથી એક છે, ઓખાથી બેટદ્વારકાને જોડતો 'સિગ્નેચર બ્રીજ', જે આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે.ઓખાથી બેટદ્વારકા જવા માટે અત્યારે ફેરીબોટની મદદથી જવું પડે છે, પરંતુ હવે ? ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રીજ' બનવા જઇ રહ્યો છે. ઓખાથી બેટદ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઇના આ બ્રીજનું નિર્માણ ચાલી રહ્યું છે, જેના માટે દરિયાઇ બાર્જ ક્રેનથી સમુદ્રમાં ૩૮ પિલર ઊભાં કરવામાં આવ્યાં છે. માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઇ ત્યારથી આજ દિન સુધીમાં આ બ્રીજની ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૩ના અંત સુધીમાં આ બ્રીજ પૂર્ણ થાય તેવી તૈયારી છે.

**★વિશેષતાઓ★**

●બ્રીજની લંબાઇ ૨૩૨૦ મીટર રહેશે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે.

●ઓખા અને બેટ દ્વારકા બન્ને બાજુ થઇ ૨૪૫૨ મીટર એપ્રોચ રોડ બનાવવામાં આવશે.

●બ્રીજના મુખ્ય ગાળાની લંબાઇ ૫૦૦ મીટર છે જે ભારત દેશમા સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે.

●વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવામાં આવશે.

●બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઇ ધરાવતા બે પાયલોન છે.

●આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે.

●ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલ થી ૧ મેગાવોટ વિજળી નું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ બ્રીજ પરની લાઈટીંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે.

●બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવેલ છે.

● બ્રીજ પર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાયટીંગની વ્યવસ્થા કરવામાં આવશે.



રોટરી ક્લબ ઓફ બોરીવલી દ્વારા પ્રમુખ રશ્મિકાંત સંઘવી, સેક્રેટરી કેતલ તાપિયાવાલા, ડોક્ટર ધર્માજી શિંદે , ચેતના શિંદે,કેતન શાહ , આશા સંઘવીના પ્રયાસ થી મુંબઈ કિડની ફાઉન્ડેશન અને ડોક્ટર ઉમેશ ખન્ના સહયોગ થી બ્લડ પ્રેશર, બ્લડ, કિડની લિવર માટે મેડીકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કર્યું હતુ. ૨૦૦થી વધારે દર્દી એ લાભ લીધો. રિપોર્ટ સાથે જરૂરિયાત મંદ ને નિપુર્ણ ડોક્ટર દ્વારા ની શુક્લ સલાહ આપવામાં આવશે . સંપૂર્ણ કેમ્પ નું સંચાલન લગભગ ૨૫ રોટરી ક્લબ ઓફ બોરિવલીનાં સ્વયંસેવક દ્વારા કરવામા માં આવ્યું હતું.સાથે બ્રહ્મ કુમારી રાજયોગ મેડિટેશન સેન્ટરના દિવ્યાબેન સ્વયમ પધારી ને આશિર્વાદ પણ આપ્યા. ડોક્ટર ઉમેશ ખન્ના અને રોટરી ક્લબ બોરીવલી આવાં અનેક જોઈન્ટ પ્રોજેક્ટ કરવાં સહમત થયેલ છે

## દેશમાંથી છેલ્લા કેટલા સમયથી બાળકો અને મહિલાઓ ગુમ થવાના બનાવો વધી ગયા છે.

આપના દેશમાં છેલ્લા કેટલા વરસોથી મહિલાઓ છોકરીઓ અને છોકરાઓ ગુમ થવાના બનાવો ચિંતાજનક રીતે વધી ગયા છે.આની પર આપણે. બહુ ધ્યાન આપતાં નથી પણ આ બહુ ગંભીર બાબત છે.

૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચેના સમયગાળા દરમિયાન દેશમાં ૧૩ લાખથી વધુ મહિલાઓ દીકરીઓ ગુમ થઇ છે. આ આંકડો પોલીસ સ્ટેશનમા જે ફરિયાદ કરવામાં આવી છે. એ છે બીજા પોલીસ સ્ટેશનમા નહી નોંધયેલા કેસો સેંકડો છે.કેટલાક પરિવાર પોલીસ સ્ટેશનના પગથિયાં ચડતા ડરે છે.કેન્દ્રીય ગૃહમંત્રાલય મારફત સંસદમાં રજુ કરવામાં આવેલા આંકડા અનુસાર ૨૦૧૯ થી ૨૦૨૧ વચ્ચે ૧૮ વરસની વધુ ઉંમરની ૧૦/૬૧/૬૪૮ મહિલાઓ ગુમ થઇ છે.જયારે ૧૮ વરસથી. નાની ઉંમરની ૨ /૫૧/ ૪૩૦ દીકરીઓ ગુમ થઇ છે સૌથી વધુ મધ્યપ્રદેશમાંથી ૧/૬૦/૧૮૦ મહિલાઓ દીકરીઓ ગુમ થઇ છે.અને ૩૮/૨૩૪ દીકરીઓ મધ્યપ્રદેશમાંથી ગુમ થઇ છે જ્યારે બંગાળમાંથી ૧/૫૬/૯૦૫ મહિલાઓ અને ૩૬/૬૦૬ દીકરીઓ ગુમ થઇ છે.જયારે મહારાષ્ટ્રમાંથી ૧/૭૮/૪૦૦ મહિલાઓ અને ૧૩/૦૩૩ દીકરીઓ ગુમ થઇ છે ઓરિસ્સા દિલ્હી અને જમ્મુ એન્ડ કાશ્મીરમાંથી પણ સેંકડો મહિલાઓ અને દીકરીઓ ગુમ થઇ છે.એક પણ બાળક ગુમ થવાની એક પણ ફરિયાદ કરવામાં આવી નથી એવા રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ ગોવા લક્ષ્યદ્રિપ અને મિઝોરમનો સમાવેશ થાય છે

દીકરાઓની વાત કરીએ તો એક વરસમાં ૫૮/૫૪૬ બાળકો દેશમાંથી ગુમ થયા છે અને આપના ગુજરાત રાજ્યની જ વાત કરીએ તો એક જ વરસમાં ૩૬૭૫ બાળકો ગુમ થયા છે સૌથી વધારે બાળકો બંગાલમાંથી ૧૩/ ૫૯૧ બાળકો ગુમ થયા છે

આખા દેશની વાત કરીએ તો રોજ ૧૬૦ બાળકો ગુમ થાય છે આપના ગુજરાત રાજયમાંથી દરરોજ ૧૦ બાળકો ગુમ થાય છે

જેના પરિવારમાંથી કોઇ મહિલા કે દીકરી કે દીકરો ગુમ થાય છે એ પરિવાર સીવાય બીજા કોઈને આ તકલીફ મુસીબત સમજમાં આવતી નથી આવા પરિવારનું દર્દ કોઈ સમજી શકતું નથી કોઈને રોજને રોજ કહી શકાતું નથી અંદર ને અંદર દર્દ છુપાવવું પડે છે ચુપકે ચુપકે રડવું પડે છે રિબાવું પડે છે બહુ ખરાબ હાલત થઇ જાય છે

આપણે ત્યાં અપહરણ અને જાતીય સતામણીના કાયદાઓ હજુ કડક બનાવવાની ખાસ જરૂર છે ગુમ થયેલા દીકરા દીકરીઓ કે મહિલાઓને શોધવા વિશેષ પોલીસ ટીમ બનવી જોઈએ જે થોડા સમયમાં તપાસ કરી રિપોર્ટ આપે કાયદા કાનૂનનો થોડો ડર પણ બહુ જરૂરી છે.

**અબ્બાસભાઈ કૌકાવાલાસુરત**

## હારીજ મા દારૂના નશામા ચકચુર ગાડી ચાલકનો વિડ્યો વાયરલ થયો




ગતરોજ પાટણના હારીજ ખાતે દારૂના ધુત નશામાં ગાડી ચાલકનો વિડીયો વાયરલ થતા લોકો મા ચર્ચાનો વિષય બનવા પામ્યો છે ત્યારે ગુજરાતમા દારૂ બંધી છે ત્યારે આ દારૂ આવે છે ક્યાથી તેવા પલિસ પર પણ અનેક સવાલો ઉપસ્થિત થાય છે

વેપારી પીઠુ ગણાતા તાલુકા મથક હારીજ ખાતે ગતરોજ કડી તાલુકાનો મનોજ ગજ્જર નામનો ઈસમ દારૂના નશામા પોતાની ગાડી રસ્તા વચ્ચે મૂકી દેતા સ્થાનિક લોકો ના ટોળે ટોળા ઉમટયા હતા તેમજ ગાડીમાથી પાણીની બોટલ માથી દારૂ પણ મળી આવ્યો હતો ત્યાર બાદ પોલિસને જાણ કરાતા હારીજ પોલિસ ઘટના સ્થળે દોડી આવી ગાડી ચાલકને પોલિસ મથકે લઈ જઈ કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે પોલિસ દ્વારા વાહન ચેકિંગ કરવાના પોકળ દાવા નિષ્ફળ નિવડ્યા હોવાનું જણાઈ આવી રહ્યું છે તેમજ તાજેતરમા અમદાવાદના ઈસ્કોન બ્રીજ પર ગાડી ચાલક દ્વારા પુરપાટ ઝડપે ગાડી હંકારી કરવામાં આવેલા અકસ્માત મા નવ લોકો મોતને ભેટયા છે તેની હજી શાહી સુકાઈ પણ નથી ત્યારે દિન પ્રતિ દિન આવા નબીરાઓનાં વિડીઓ વાઈરલ થઈ રહ્યા છે ત્યારે પોલિસ દ્વારા આવા નબીરાઓ સામે ચુસ્ત પગલા લેવાય તેવી લોકો મા માંગ ઉઠવા પામી છે અત્રે ઉલ્લેખનીય છે કે આ ઘટના હારીજ ના માર્કેટ યાર્ડ પાસે ની હોવાનું જાણવા મળ્યું હતું



પૂર્ણે પવિત્ર પુરુષોત્તમ માસ માં ગુજરાત ના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી અમરનાથ ધામમાં ભક્તો ના ઘોડાપુર વચ્ચે વિવિધ ભક્ત મહિલા મંડળો દ્વારા ભજનોની ની રમઝટ...હર હર મહાદેવ ??.વધુમા અમરનાથ ધામમાં પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સાડાત્રણ હજાર કાવડ યાત્રિકો તારીખ ૨૧/૮/૨૩ ના રોજ અમરનાથ ધામમાં જલાભિષેક માટે આવનાર છે આ યાત્રાનું પ્રસ્થાન જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી કરાવનાર છે તથા યાત્રિકો નો રાત્રિ વિસામો ગાંધીનગર રાજપૂત સમાજ ભવન સેક્ટર-૧૨ મુકામે હોય છે ત્યાં પણ શહેર અગ્રણીઓએ ની હાજરીમાં ધજા પૂજન આરતી નો વિશેષ કાર્યક્રમ રહેશે જે બાબતે આપને પૂર્વે માહિતી આપીશુ

## ચાણસ્માના શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પોલિસની રહેમ નજરથી દેશી તેમજ વિદેશી દારૂ નુ ધુમ વેચાણ

ગુજરાત રાજ્ય મા દારૂ બંધીના પોકળ દાવા સામે ચાણસ્મા શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બરોક ટોક દેશી તેમજ વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું હવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમા વહેંચાઈ રહેલા દારૂ બંધ કરાવવા ચાણસ્મા પોલિસ ઉણી ઉતરી છેગાધીજી ના ગુજરાતમા દારૂબંધી માત્ર ને માત્ર કાગળ પર જ હોય તેમ ગુજરાત રાજ્ય સહિત ચાણસ્મા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી તેમજ વિદેશી દારૂનું પોલિસ ના પત્રમ પુષ્પમ વ્યવહારને લીધે ધમ ધોકાર ચાલી રહ્યું છે ને ચાણસ્મા પોલિસ ના જે તે બિટ જમાદારો પોતાના પત્રમ પુષ્પમ વ્યવહારના લીધે અમુક સમયે પોતાનું કામ બતાવવા ખાતર સામાન્ય લીટર દારૂ ઝડપ્યો હોવાના કેશો બનાવી સંતોષ વ્યક્ત કરતા જોવા મળી રહ્યા છે તેમજ આજનું યુવાધન બરબાદી ના પંથે ચડી રહ્યુ છે ત્યારે નવ નિયુક્ત જિલ્લા પોલિસ વડા તેમજ વિજીલન્સ દ્વારા ચાણસ્માના ગ્રામ્ય વિસ્તારોમાં વહેંચાતા દેશી તેમજ વિદેશી દારૂ વેચતા બુટલેગરો સામે લાલ આંખ કરે તેવી જાગૃત લોકોની માંગ ઉઠવા પામી છે

**રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

## ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સામાન્ય સભા જિલ્લા પંચાયતના સભાખંડમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરેનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી




સાબરકાંઠા- અરવલ્લી જીલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સામાન્ય સભા જિલ્લા પંચાયતના સભાખંડમાં પ્રથમવાર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ધીરુભાઈ પટેલના અધ્યક્ષતા ને મળી હતી. જેમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અમૃતસિંહજી, જિલ્લા પંચાયતના દંડક ધીરેન અસારી પધાર્યા હતા. આ સામાન્ય સભામાં જિલ્લા ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત દ્વારા ગત વર્ષના હિસાબો રજૂ કરી મંજૂર કરવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લા ચીફ કમિશનર સંગીતાબેન સોની દ્વારા પ્રાથમિક શાળામાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન કરવામાં આવ્યું હતું અને સમયપત્રક જાહેર કરવામાં આવ્યું હતું . સ્કાઉટ કમિશનર નીતિનભાઈ એ પ્રવૃત્તિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. રેંજર કમિશનર સોનલબેન ડામોર દ્વારા ધ્વજ વંદનની વિધિ કેવી રીતે થાય તે વિશે પ્રત્યક્ષ નિદર્શન એસ બી મહિલા કોલેજની રેંજર બાળકો દ્વારા કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે પ્રાથમિક શાળાના સર્વે શિક્ષકો તેમજ માધ્યમિક શાળાના સર્વે શિક્ષકો અને ભારત સ્કાઉટ ગાઈડ સંઘના નવા વરાયેલા જિલ્લા ઉપપ્રમુખ પ્રશાંત વ્યાસ , જિલ્લા ઉપપ્રમુખ નિમેશ ત્રિવેદી,જીલ્લા મંત્રી ભાવનાબેન પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગાઈડ કમિશનર ડો. ભારતીબેન ચૌધરી, સ્કાઉટ કમિશનર નરોત્તમભાઈ પટેલ, જિલ્લા મંત્રી જીગ્નેશભાઈ પટેલે આવેલ સ્કાઉટર ગાઈડરની ની હાજરી તેમજ પરિચય પત્રક ભરી સમયપત્રક આપ્યું હતું. પૂર્વ મંત્રી અરવિંદભાઈ ભાવસાર તથા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## બેઠો છું

તમે માનો તો ઠીક છે,<br>
પળ પકડવા બેઠો છું

હવામાં એની હાજરી,<br>
જળ પકડવા બેઠો છું

કેમ કરતા હા પાડી?<br>
છળ પકડવા બેઠો છું.

ચાદર અકબંધ છે,<br>
સળ પકડવા બેઠો છું.

રસ્સી હજુ કયાં બળી?<br>
વળ પકડવા બેઠો છું.

કયાંથી કયાં જાય છે?<br>
તળ પકડવા બેઠો છું

આકાશી ખેતી કાજે,<br>
હળ પકડવા બેઠો છું.

તમે માનો તો ઠીક છે,<br>
ચળ પકડવા બેઠો છું!!

ભરત વૈષ્ણવ.

**લક્ષ્મીપુરા (ડાંગરવા) પ્રાથમિક શાળામાં શાળા સ્થાપના દિનની સંસ્કાર અને સનાતન સંસ્કૃતિના સિંચન સાથે**

## દાતાઓ - વાલીઓ - ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી

પવિત્ર અધિક શ્રાવણ માસની પૂનમનો શુભગ સમન્વય આજના દિવસે મળતાં ભગવાન સત્યનારાયણની વ્રત કથા અને વિષ્ણુ પૂજન કરવાનો લાહવો શાળાના બાળકો - વાલીઓ - હાજર ગ્રામજનો અને દાતાઓને મળ્યો.... આજના પ્રસંગને ઉજળો બનાવ્યો દાતાઓ તરફથી મળેલી બાળકોને ભેટ દ્વારા...

૧)શાળાના આજીવન દાતા ભાઈશ્રી મનુજી રાજાજી ઠાકોર (પૂર્વ કારોબારી અધ્યક્ષ અમદાવાદ જીલ્લા પંચાયત) તરફથી દર વર્ષની જેમ બાળકોને સ્પોટ્ર્સ યુનિફોર્મ આપવામાં આવ્યો...

૨) મનીષભાઈ હરિભાઈ પટેલ (શિવશકિત રોલિંગ મિલ્સ - ભોયણી) દ્વારા બાળકોને સ્કૂલ બુટ આપવામાં આવ્યો...

૩) દિલુજી જયંતીજી ઠાકોર - ભોયણી તરફથી શૈક્ષણિક કીટ આપવામાં આવી.

૪) ગણેશજી ઉદાજી ઠાકોર તરફથી ચોપડા આપવામાં આવ્યા

૫) માધુભાઈ ચીમનલાલ દરજી (ઉપ સરપંચ ડાંગરવા) તરફથી ટેબલ પંખો શાળાને ભેટ આપવામાં આવ્યો.

૬) મહેશજી ભરતજી ઠાકોર (શિક્ષક) તરફથી રમતગમતના સાધનોની કીટ આપવામાં આવી.

સત્યનારાયણ ભગવાન વ્રત કથામાં મુખ્ય યજમાન તાલુકા સદસ્ય ઝેણાજી શંકરજી ઠાકોર બન્યા હતા.

જયારે મહાપ્રસાદના દાતા પલક પંડ્યા (યુએસએ),

પંચ પ્રસાદનો લાભ લાભુજી નાગરજી ઠાકોર, બાબુજી સોમાજી ઠાકોર, ગણેશજી ઉદાજી ઠાકોર, પરબતજી પ્રહલાદજી ઠાકોર તરફથી મળ્યો....

લક્ષ્મીપુરા (ડાંગરવા) યુવા મંડળ તરફથી બાળકોને ભાજી પાઉં નું આજરોજ તિથિ ભોજન આપવામાં આવ્યું.

શાળાના આચાર્યશ્રી દ્વારા અવસરને ઉજળો બનાવવા બદલ સર્વે ગ્રામજનો, યુવાનો, વાલીઓ અને ખાસ દાતાઓનો આભાર માનવામાં આવ્યો...

રિપોર્ટ બાય:<br>
પંકજ દવે (જય પરશુરામ)

## દુકાનનો માલ પાથરતાં ટ્રાફિકની સમસ્યા:કડી શાકમાર્કેટ પાસેના વેપારીઓ રોડ ઉપર સામાન મૂકી દેતાં હેરાની

કડી શાકમાર્કેટની આજુબાજુ શોપિંગ સેન્ટરોમાં કરિયાણા અને ખાદ્ય ચીજવસ્તુઓનો વેપાર કરતા વેપારીઓ વાહન પાર્કિંગની રોડ માર્જીનની જાહેર જગ્યામાં દુકાનનો માલ પાથરી ટ્રાફિકને અડચણરૂપ બનતાં ખરીદી માટે આવતાં ગ્રાહકો પરેશાન થઈ ઉઠ્યા છે. બીજીબાજુ, રજૂઆતો છતાં નગરપાલિકા આંખ આડા કાન કરી રહી છે.કડીના દેત્રોજ રોડ સ્થિત શાકમાર્કેટની પાછળના દરવાજા પાસે આવેલ લક્ષ્મીનારાયણ શોપિંગ સેન્ટર તેમજ આગળના ભાગે આવેલા શોપિંગ કોમ્પલેક્ષમાં કરિયાણા સહિત ખાદ્ય ચીજવસ્તુઓ સહિતનો વેપાર કરતાં વેપારીઓ દુકાનનો માલ સામાન વાહન પાર્કિંગની રોડની માર્જીનની જગ્યામાં ટ્રાફિકને અડચણરૂપ મૂકી દેતાં શાકમાર્કેટમાં ખરીદી માટે આવતાં ગ્રાહકોને વાહન પાર્કિંગની જગ્યાના અભાવે ભારે પરેશાની થઈ રહી છે. પાલિકા દ્વારા દુકાનોની બહાર વાહન પાર્કિંગની જગ્યામાં માલ સામાન મૂકી ટ્રાફિકને અડચણરૂપ બનનાર વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવું શાકમાર્કેટમાં ખરીદી માટે આવતાં ગ્રાહકોની રજૂઆતો છતાં પાલિકા આંખ આડા કાન કરી વેપારીઓને છાવરી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.